# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું.
ક્રમાક:ટ્રાફિક/ઇદે મિલાદ/જાહેરનામું/૨૨૯૨/૨૦૨૪

પોલીસ કમિશ્નરની કચેરી,
સુરત શહેર.
તા. ૧૪/૦૯/૨૦૨૪

સુરત શહેર ખાતે આગામી તા.૧૬/૦૯/૨૦૨૪ ના રોજ ઇદે મિલાદનો ધાર્મિક તહેવાર મુસ્લીમ સંપ્રદાય દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવનાર છે, અને આ પર્વ દરમ્યાન શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી નાના મોટા ઝુલુસ સ્વરૂપે આવી ઝાંપાબજાર સળીયા માર્કેટ પાસે ભેગા થઇ મોટી સંખ્યામાં ઝુલુસ રૂપે ઝાંપાબજાર સળીયા માર્કેટથી રાજમાર્ગ, કમાલ ગલી, અલ-ખલીલ ટી સેન્ટરથી ગુજરાત મિત્ર પ્રેસની ગલીમાં થઇ સાગર હોટલ થઇ બડેખા ચકલા ખ્વાજાદાના દરગાહ સુધી કાઢવામાં આવે છે.

સુરત શહેરના મુખ્યમાર્ગ ઉપરથી સદર ઝુલુસ પસાર થાય છે. અને ઝુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લીમ સંપ્રદાય જોડાતા હોવાથી અને મુખ્ય માર્ગ ઉપર વાહનોની મોટી સંખ્યામાં અવર જવરના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાવાની શક્યતા છે. જેથી જાહેર જનતાના હીતાર્થે ટ્રાફિક નિયમન સરળતાથી થઇ શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે સારૂ ટ્રાફિક નિયમન જાહેર હીતમાં ઉચિત અને અનિવાર્ય છે.

## :: હુકમ ::

વાસ્તે હું અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી મુજબ મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાના નિર્ણય ઉપર આવેલ છું.

## :: પ્રતિબંધીત વિસ્તાર અને કૃત્ય ::

સુરત શહેરના મુખ્ય રાજમાર્ગ દિલ્હીગેટ, પાણીની ટાંકીથી મોતી ટોકીઝથી ઝાંપા બજાર, કાસકીવાડ ચાર રસ્તાથી ભાગળ ચાર રસ્તા તેમજ રૂવાડા ટેકરાથી પારસી શેરીથી ટાવર સુધી, ટાવરથી ભાગળ, લાલગેટ, કમાલ ગલી, અલ-ખલીલ ટી સેન્ટર થઇ ગુજરાત મિત્ર પ્રેસની ગલીમાં થઇ સાગર હોટલ, બડેખા ચકલા, ખ્વાજાદાના દરગાહ સુધીનો રોડ તથા પખાલીવાડથી બડેખા ચોકી સુધી અને હિઝડાવાડ સર્કલથી બડેખા ચોકી થઇ મોમનાવાડ, ગોપીપુરા હનુમાન ચાર રસ્તા થઇ સગરામપુરા ચોકી બાલાપીર દરગાહ સુધીનો રોડ પર તથા શીતલ ચાર રસ્તાથી નહેરૂ બ્રિજ થઇ ચોક ચાર રસ્તા તરફ આવતો રસ્તો તા.૧૬/૦૯/૨૦૨૩ ના કલાક-૧૧/૦૦ થી અવસર પૂર્ણ થાય ત્યાં સુધી વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

## :: વિકલ્પ ::

ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન સ્ટેશન તરફથી આવતા વાહનો દિલ્હીગેટ થઇ રીંગરોડ તરફ અને દિલ્હીગેટ થઈ ગોટાલાવાડીથી ચંદ્રશેખર આઝાદ બ્રિઝ (જીલાનીબ્રિજ)નો ઉપયોગ કરી જઇ શકશે. તેમજ મકકાઇપુલ તરફથી ચોકબજાર તરફ જતા વાહનો મકકાઇપુલથી ટર્ન લઇ નાનપુરા માછીવાડ નવો રોડ તથા ટીમલીયાવાડ તરફ જઇ શકશે.

પોલીસ કમિશ્નર
સુરત શહેર, સુરત.

## :: અપવાદ ::

સરકારી સેવાના પોલીસના વાહનો, ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સના વાહનોને ઉપરોકત જાહેરનામાં માંથી મુકિત આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત જાહેર સ્થળોએ જાહેર જનતા જોઇ શકે તેવી રીતે નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો અને આકાશવાણી દુરદર્શન તેમજ સ્થાનિક ટી.વી. ચેનલોનાં માધ્યમોથી કરાવવી.

આ જાહેરનામુ તા. ૧૬ /૦૯/૨૦૨૪ ના કલાક.૧૧/૦૦ થી અવસર પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૧૪/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

પોલીસ કમિશનર સુરત શહેર, સુરત. સત્યમેવ જયતે

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
સુરત શહેર

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ).
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)
(૭) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર,
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટ.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર, (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, (જીલ્લા સેવા સદન, અઠવાલાઈન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)